

હું તો માત્ર દૃષ્ટાજ્ઞાતા છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી, જ્ઞાયક તરફનો ઝુકાવ કરવાથી, અંતરમાં જ્ઞાતાપણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર ને રાગનું કર્તાપણું છૂટે છે. સમ્યગ્દર્શન કરવાની આ વિધિ છે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૧ □ (૫૭૬) ❊ આત્મધર્મ ❊ (અંક-૪ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૭ ઓક્ટોબર, ૧૯૯૧

ઓક્ટોબર 1991

# * નૂતન-વર્ષની અપૂર્વ બોણી *

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૩૨ )

શ્રી પરમાત્મપ્રકાશની ૪૮ ગાથા પૂરી થઈ. હવે ૪૯મી શરૂ કરીએ છીએ. નૂતન-વર્ષના માંગલિક તરીકે આજે તો કુદરતી પરમાત્મપ્રકાશ આવ્યું છે. દર વર્ષે માંગલિક તરીકે ખાસ બીજુ નવું લેતાં.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ અનંતગુણથી ગૂંથાયેલો ચૈતન્યહીરો છે. એક આનંદગુણ તેમાં જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, ચારિત્રનો આનંદ, વીતરાગતા એટલે શાંતિનો આનંદ, સ્વચ્છતાનો આનંદ, વીર્યનો આનંદ, અસ્તિત્વનો આનંદ એવા અનંતગુણના આનંદથી ભરેલો પરમાત્મા પોતે આનંદમૂર્તિ છે.

આવું આ આત્મતત્ત્વ, તેની સાથે કર્મો બંધાયેલા છે પણ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા કદી તે કર્મપણે થયો નથી. આત્મા અનાદિકાળથી કર્મોથી બંધાયેલો છે તોપણ કર્મરૂપ થયો નથી અને કર્મ પણ આત્મારૂપે થયાં નથી. આત્મા તો ચૈતન્ય છે અને કર્મ તો જડ છે. એમ જાણી તું પરમાત્માનું ધ્યાન કર. એમ આ ગાથામાં કહેવાનો આશય છે.

આત્મા સાથે બંધાયેલાં કર્મો તો જડ છે પણ તેના ફળમાં જે વિકાર, અલ્પજ્ઞતા અને વીપરીતતાના ભાવ થાય છે તે-રૂપે પણ આત્મા કદી થયો નથી. ચિદાનંદ ભગવાન કર્મ કે પોતાની વર્તમાન યોગ્યતારૂપે કોઈ'દિ તે થયો નથી.

જડ કર્મપણે તો આત્મા થતો નથી પણ તેના ફળરૂપ અલ્પદર્શન, અલ્પજ્ઞાન, અલ્પવીર્ય અને વિપરીતતા જે રાગ-દ્વેષ તે-રૂપે જ્ઞાયકભાવ કદી થયો નથી. ચૈતન્યનું નિજસ્વરૂપ અનંતગુણ સંપદાથી ભરેલું છે, તે કદી અલ્પજ્ઞતા કે વિપરીતતારૂપે થયું નથી પણ અનાદિથી અજ્ઞાનને લઈને કર્મના સંબંધમાં કર્મરૂપે અને તેની યોગ્યતારૂપે થયેલો તેને દેખાય છે. પણ ચિદાનંદઘન આત્મા—વસ્તુ પોતે કર્મરૂપે કદી થઈ નથી અને થતી નથી અને કર્મ કદી આત્મારૂપે થતો નથી.

જડકર્મ અને અલ્પજ્ઞતા તથા વિકારાદિભાવ કદી પરમાત્મારૂપે થતાં નથી અને પરમાત્મા કદી એ કર્મ કે વિકારાદિરૂપે થતો નથી. વસ્તુ જે સત્ તે કર્મરૂપે તો નહિ પણ એક સમયના ઉત્પાદ્-વ્યયરૂપે પણ તે થતી નથી. ઉત્પાદ્ અને વ્યય પણ વ્યવહારમાં

[ અનુસંધાન માટે જુઓ પેઈજ નં-૧૪ ]

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૮
અંક-૪
[ ૫૭૬ ]





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
OCT.
A.D. 1991


## સંવર-નિર્જરા તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૧૦ )

શ્રી સમયસાર નાટકનો આ ભૂમિકા અધિકાર છે. તેમાં જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપનું વર્ણન આવી ગયું છે. હવે સંવરનું વર્ણન ચાલે છે.

સંવર કોને કહે છે? અર્થાત્ ધર્મ કોને કહે છે? ધર્મ કેમ ઉત્પન્ન થાય? તેનું આ સંવરતત્ત્વમાં વર્ણન આવે છે.

जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त ।
रोकै आवत कर्मको, सो है संवर तत्त ॥ ३१ ॥

શુભ અને અશુભ વિકલ્પરૂપ ભાવ છે તેને રોકીને અથવા તેનાથી વિરક્ત થઈને જે જાણવા-દેખવારૂપ શુદ્ધ ઉપયોગને ધારણ કરે છે તે સંવર છે. દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાદિના ભાવ થાય છે તે શુભજોગ છે અને હિંસા, જૂઠ, ચોરી, ક્રોધ, માન આદિના ભાવ થાય તે અશુભજોગ છે તેનાથી વિરક્ત થઈને જ્ઞાતા-દૃષ્ટા ભાવને ધરે છે તે સંવર છે અર્થાત્ શુભ-અશુભભાવથી રહિત શુદ્ધભાવને ધારણ કરવો તેનું નામ સંવર અથવા ધર્મ છે.

અજ્ઞાનીઓ જેને આત્મા કહે છે તે નહિ પણ સર્વજ્ઞ વીતરાગદેવે જોયેલો અને કહેલો જે આત્મા તે શરીર, વાણી અને કર્મથી તો ભિન્ન છે જ પણ દયા, દાન, વ્રતાદિ

શુભભાવ અને હિંસા, જૂઠ, ચોરી, વાસના, ક્રોધ, માનાદિના અશુભભાવથી પણ ચૈતન્યતત્ત્વ ભિન્ન છે.

આવા ચૈતન્યપ્રભુનું માહાત્મ્ય કરીને જે શુદ્ધ ત્રિકાળીભાવમાં એકાકાર થાય તેને રાગના મેલ રહિત જે શુદ્ધોપયોગ થાય તે સંવરતત્ત્વ છે. પોતાના ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને, પુણ્ય-પાપના વિકલ્પ રહિત જે શુદ્ધ પરિણામ પ્રગટ થાય તેને પરમાત્મા સંવરતત્ત્વ કહે છે.

જુઓ! માર્ગ જ આવો છે. દુનિયા ન માને એટલે કાંઈ માર્ગ ફરી જતો નથી. દુનિયાને તો હજી ખબર જ નથી કે ધર્મ શું ચીજ છે અને તે કેમ પ્રગટ થાય છે.

ભગવાન આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન છે, ચૈતન્ય પ્રકાશસ્વરૂપ પવિત્ર મૂર્તિ છે, તેની સન્મુખતા કરી, રાગથી વિમુખ થઈ પોતાના શુદ્ધભાવને ધારણ કરે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સંવર કહેવાય છે. સંવરથી જ ધર્મની શરૂઆત થાય છે.

**जो उपयोगस्वरूप धरि, वरतै जोग विरत्त।** આમાં અસ્તિ-નાસ્તિ કરીને બતાવ્યું છે. જ્ઞાનાનંદસ્વભાવનો શુદ્ધ વ્યાપાર કર્યો તે અસ્તિ અને શુભ-અશુભ વિકલ્પથી વિરક્ત થયો તે નાસ્તિ.

**रोके आवत करमको** એટલે કર્મ આવતા હતા અને અટકાવ્યા એમ નહિ પણ શુદ્ધભાવ થવાથી કર્મ આવ્યા જ નહિ, પહેલાં શુભ-અશુભભાવ હતાં તેના નિમિત્તે કર્મ આવતાં હતાં, હવે શુભાશુભભાવથી વિરક્ત થઈને શુદ્ધભાવમાં આવ્યો તેથી કર્મ આવવાના જ ન હતાં તે ન આવ્યા, તેને અહીં કર્મને રોકયા એમ કહ્યું છે. કર્મના એક પણ રજકણને લાવવો કે રોકવો તે જીવના અધિકારની વાત નથી. કેમકે, કર્મ તો જડ છે અને આત્મા ચૈતન્ય છે. આવે છે ને!-કે 'દાને દાને પે લીખા હૈ ખાનેવાલેકા નામ.' તેનો અર્થ શું? જે રજકણનો પિંડ જેની પાસે આવવાનો છે તે તેની પાસે આવશે...આવશે ને આવશે જ અને જે પરમાણુ નથી આવવાના તે નહિ જ આવે, તેમાં આત્માનો કાંઈ અધિકાર નથી. આહાર લઉં કે ન લઉં એવો વિકલ્પ હોય પણ આહાર આવવો કે ન આવવો તે જડની ક્રિયા છે. તેનો અજ્ઞાની સ્વામી થવા જાય છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

શરીર સહાય અજીવ છે તે જીવની સાથે રહ્યું છે પણ કાંઈ જીવ થઈને રહ્યું નથી. શરીર તો અજીવપણે જ રહ્યું છે. છતાં અજ્ઞાની મૂઢ તેને મારું માને છે તે તો ઉઠાવગીર કહેવાય કે જે પરચીજને પોતાની માની લે છે.

સિદ્ધાંત નક્કી કરો કે, શરીર અજીવપણે જ રહેલું છે. જો શરીર જીવપણે હોય

તો તે અરૂપી હોવું જોઈએ પણ શરીર તો રૂપી છે, જડ છે. વાણી પણ જડ છે ને પૈસા પણ જડ-ધૂળ છે તે તમારી થઈને રહી નથી. ધૂળ તો ધૂળ જ છે.

અહીં તો આચાર્યદેવ કહે છે કે—આસ્રવતત્ત્વ પણ જીવ નથી. શુભાશુભ પરિણામ જે આસ્રવતત્ત્વ છે, મેલ છે તેને પોતાના માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, અજૈન છે. લોકોએ સત્ય શું છે—તત્ત્વ શું છે તે સમજણમાં લીધું જ નથી. અનાદિથી ગડબડ-ગડબડ માની રાખ્યું છે.

લોકોને અંતરની અપૂર્વ ચીજ શું છે તે સાંભળવા પણ મળી નથી. માત્ર બહારથી વ્રત લઈ, તપ કરી, યાત્રા કરી એટલે ધર્મ થઈ ગયો એમ માની લે છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તો કહે છે કે, શુભાશુભ પરિણામનું અટકવું, તેનાથી વિરક્ત થવું અને આનંદકંદપ્રભુમાં લીન થવું તે સંવર છે–તે ધર્મ છે.

આ સંવરનું વર્ણન તો આગળ આવી ગયું હતું. આ તો નિર્જરા સાથે તેનો સંબંધ જોડવા થોડું વર્ણન લીધું.

ચૈતન્યસ્વરૂપ તો અનાદિ અનંત વીતરાગસ્વરૂપે જ છે તેની દૃષ્ટિ કરતાં વીતરાગભાવનું વેદન થાય અને નવા કર્મો આવતાં અટકે તે તો સંવરની ભૂમિકા થઈ. પણ હવે જૂના કર્મો બાકી રહ્યાં તેનું શું કરવું તે માટે નિર્જરાનું સ્વરૂપ વર્ણવે છે. જેને સંવર નથી તેને તો નિર્જરા હોતી જ નથી. સંવરપૂર્વક નિર્જરા થાય એ જ ખરી નિર્જરા છે.

પુણ્યથી ધર્મ થાય છે એવી જેની દૃષ્ટિ છે તે તો છ-છ મહિનાના ઉપવાસ કરે કે કરોડોના દાન આપે પણ તેને ધર્મ થતો નથી અને નિર્જરા પણ થતી નથી. આગળ કહ્યું કે શુદ્ધતત્ત્વની ઓળખાણ અને તેની સન્મુખ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા એટલે નવા કર્મો આવતા નથી પણ જૂના કર્મો જે સત્તામાં પડ્યાં છે તેનો નાશ કેવી રીતે કરવો તેની હવે વાત કરે છે.

जो पूरव सत्ता करम, करि थिति पूरन आउ ।
खिरबेकौं उद्यत भयौ, सो निर्जरा लखाउ ।। ३२ ।।

પૂર્વે અજ્ઞાનભાવથી બાંધેલા જે કર્મ સત્તામાં પડ્યા છે તેનું હવે આત્મભાનપૂર્વક સંવરદશામાં ટળવું-ઝરવું-ખરવું કેવી રીતે થાય કે તે કર્મોની સ્થિતિ પૂરી જ થવા આવી છે અને ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં પુરુષાર્થ કરીને આવ્યો એટલે તરત કર્મ ખરી જાય છે.

જુઓ શેઠ! આ પૈસા આવે છે તે તમારા ડહાપણથી આવે છે એમ નથી હો. પૂર્વના પુણ્યના કર્મો સત્તામાં પડ્યા હોય તે ગળવાની તૈયારી હોય ત્યારે આવા સંયોગો દેખાય, કર્મો અને સંયોગોની સોગઠી ગોઠવાય જાય. પણ તમારી હોંશિયારીથી ધન આવે છે એમ નથી. અમે ઘણાં એવા બુદ્ધિના બારદાન માણસો જોયા છે કે તેને પૈસાના ઢગલા હોય છે.

જેમ ઝાડની ડાળ ઉપરથી ફળ ખરવાની તૈયારી હોય ત્યારે એ ડીટચાંમાંથી જુદું પડી જાય છે તેમ પૂર્વકર્મોના પાક કાળે સામે એવી યોગ્યતાવાળા સંયોગોની સોગઠી ગોઠવાઈ જાય છે તેમાં આત્માનો પુરુષાર્થ કાંઈ કરતો નથી. છતાં વસ્તુસ્થિતિથી અજાણ માણસો એમ માને છે કે અમે બરાબર વ્યવસ્થા જાળવી, કામકાજનો દોર હાથમાં રાખ્યો એટલે આટલા ધનાદિ મળ્યા છે. આ તેનો મોટો મિથ્યાભ્રમ છે.

પુણ્ય, પાપ, આસ્રવનું જુદાં જુદાં તત્ત્વરૂપે વર્ણન કર્યું પછી જે સ્વરૂપ-સન્મુખ દૃષ્ટિ કરીને અંતરમાં ઘૂસ્યો અને અતીન્દ્રિય આનંદ પામ્યો તેને મિથ્યાત્વના કર્મ આવતાં અટકી ગયા તે સંવરતત્ત્વ કહ્યું. હવે નિર્જરાના ત્રણ પ્રકાર છે: એક તો, શુદ્ધોપયોગની ઉગ્રતા કરવી તે નિર્જરા છે. પંચાસ્તિકાયમાં તો 'શુદ્ધોપયોગ'ને નિર્જરા કહી છે. બીજી, શુભાશુભભાવરૂપ અશુદ્ધ ઉપયોગ ન થવો અર્થાત્ તેનો નાશ થવો તે નિર્જરા છે અને ત્રીજી, કર્મોનું ખરી જવું તે જડની નિર્જરા થઈ.

સમજાણું કાંઈ! આ તો અભ્યાસ કરે તો સમજાય તેવું છે. ફરી લઈએ. શુભ અને અશુભભાવ તે અશુદ્ધ ઉપયોગ છે. બંધના કારણ છે. તે ન થયા, ગળી ગયા તે નાસ્તિથી નિર્જરા થઈ અને શુદ્ધોપયોગરૂપ પવિત્રતાની પ્રાપ્તિ તે અસ્તિથી નિર્જરા થઈ અને એ વખતે કર્મો પોતાની સ્થિતિ પૂરી કરીને ખરી જાય છે તે જડની નિર્જરા છે.

કર્મ તો જડ છે તેને લાવવા કે છોડવા તે આત્માનું કાર્ય નથી. કર્મનો આત્મા સ્વામી નથી અને કર્મ આત્માના દાસ નથી, બંને સ્વતંત્ર તત્ત્વ છે પણ અહીં જીવના શુદ્ધોપયોગરૂપ પરિણામ થવાથી અશુદ્ધતાનો નાશ થાય છે ત્યારે કર્મ તેની પોતાની યોગ્યતાથી ખરી જાય છે. જીવ તો શુદ્ધઉપયોગનો ઉદ્યમ કરે છે અને અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે તે કાંઈ કર્મમાં ફેરફાર કરતો નથી.

ઉપવાસ આદિ ક્રિયાથી કર્મો ખરતાં નથી. છઢાળામાં આવે છે 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેઈક ઉપજાયો...' આ જીવે અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ ધાર્યા, ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કર્યો–એટલી ક્ષમા રાખી પણ આત્માનું ભાન કર્યું ન હતું તેથી બધી પુણ્યની ક્રિયાથી કર્મ બાંધતો હતો.

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઇન્દ્રો અને ગણધરોની હાજરીમાં દિવ્ય-ધ્વનિ દ્વારા કહેલી આ વાત છે. કુંદકુંદ આચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતાં તેને બે હજાર વર્ષ થઈ ગયા. અત્યારે પણ મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે અને ભવિષ્યમાં હજુ અબજો વર્ષ રહેશે. બહુ લાંબુ—કરોડપૂર્વનું એમનું આયુષ્ય છે.

કરોડપૂર્વ કોને કહેવાય એ ખબર છે? ઘરમાં પૈસા કેટલા છે એ તો ખબર રાખો છો અને આમાં કહેશો કે એ તો ભગવાન જાણે. તો ભગવાન તો જાણે જ છે. પણ આ ભગવાનભાઈએ પણ જાણવું જોઈએ ને! કરોડપૂર્વની સ્થિતિ એવી છે કે, એક પૂર્વની અંદર સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય છે. આટલા વર્ષનો તો એક પૂર્વ અને એવા કરોડ પૂર્વની સ્થિતિ પૂરી થશે ત્યારે સીમંધર ભગવાન મોક્ષમાં જશે. અનંતકાળની પાસે આ સ્થિતિ પણ બહુ નાની છે.

સંવત ૪૯માં કુંદકુંદ આચાર્ય ત્યાં મહાવિદેહમાં ગયા હતાં. આઠ દિવસ રહ્યા હતાં અને આવીને આ સમયસારની રચના કરી હતી. તેના ઉપર ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં અમૃતચંદ્ર આચાર્યે કળશ રચ્યા અને તેના ઉપર રાજમલજીએ ટીકા રચી છે અને તેના ઉપરથી બનારસીદાસજીએ આ નાટક સમયસાર બનાવ્યું છે.

તેમાં અહીં નિર્જરાના વર્ણનમાં કહે છે કે તે વખતે કર્મોનો તો ગળવાનો સમય હતો જ પણ તે સમયે જીવે શું પુરુષાર્થ કર્યો? કે જીવે સ્વભાવ સન્મુખની જાગૃતીમાં વિશેષ શુદ્ધતા પ્રગટ કરી પુણ્ય-પાપના વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન આત્મામાં ઉગ્ર પુરુષાર્થથી જામી ગયો. તેનું નામ નિર્જરા કહેવામાં આવે છે.

અરે! અનંતવાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર સાધુ થયો, ત્યાગી થયો પણ પોતાનું મૂળ સત્ત્વ શું છે તેનો પત્તો લીધો નહિ અને તત્ત્વની દૃષ્ટિ વગર તો કિંચિત્‌માત્ર પણ સંવર કે નિર્જરા થતાં નથી. અહીં કહે છે 'खिरवेकौ उद्यत भयौ' એટલે શું? કે, કર્મોને ખરવાની તૈયારી થઈ અને આત્મા પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થમાં જોડાઈ ગયો. ચૈતન્યનૂર, સ્વભાવના પૂરમાં પ્રવેશ કરીને વિશેષ શુદ્ધતા પ્રગટ કરી તેને પુરુષાર્થ વડે નિર્જરા કરી કહેવાય છે.

આ વાતો મોંઘી લાગે એટલે સાધારણ સમાજના જીવો તો એમને એમ રખડી મરે છે. પૈસાવાળા દાન દઈને ધર્મ માની લે છે. શરીરના બળિયા હોય એ ક્રિયા કરીને ધર્મ કર્યો માની લે છે અને મનના બળિયા એટલે ક્ષયોપશમના-જ્ઞાનના ઉઘાડવાળા વાતો કરીને ધર્મ માની લે છે.

ચોરાશી લાખ યોનીમાં એકે એકમાં અવતાર ધારણ કર્યા છે પણ ભૂલી ગયો છે એટલે શું અવતાર નો'તા કર્યા! અરે, નરકના એક ક્ષણના દુઃખ સાંભળ્યા જાય નહિ તેવી નરકમાં અનંતવાર જઈ આવ્યો છે. નરકનું ઓછામાં ઓછું આયુષ્ય પણ દશ હજાર વર્ષનું છે અને વધુમાં વધુ ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરમાં ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષો જાય છે. આગળ કરોડ પૂર્વની સ્થિતિ કીધી એવાં તો અસંખ્ય અબજ કરોડ પૂર્વ જાય ત્યારે એક સાગર થાય. આટલા લાંબા કાળની સ્થિતિએ સાતમી નરકમાં પણ જીવ અનંતવાર જઈ આવ્યો. એક પોતાના આત્માનું જ્ઞાન નહિ, સમ્યગ્દર્શન શું છે તેનું ભાન નહિ તેથી અજ્ઞાનમાં જીવે નરકાદિમાં જે દુઃખ ભોગવ્યા તે ભગવાન જાણે અને પોતે વેદે. બાકી વાણીમાં તે આવી શકે તેમ નથી.

જીવે અનંતા નરકના ભવ કર્યા તેનાથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા જ્યાં એકલું પુણ્યનું ફળ મળે છે એટલે દુનિયા તો તેને અમરધામ-વૈકુંઠ માને છે એવા સ્થાનમાં ૩૧-૩૧ સાગરની સ્થિતિએ અનંતવાર જઈ આવ્યો પણ પુણ્ય-પાપથી રહિત, આનંદસ્વરૂપ ભગવાન આત્મા કે જેને વિકલ્પના સહારાની પણ જરૂર નથી તેની અંતર અનુભવ દૃષ્ટિ જીવે કદી કરી નથી. પરમાત્માએ કહેલી આત્માની આ વાત જીવને અંતરમાં કદી બેઠી નથી. આમ તે કાંઈ હોતું હશે એમ કાંઈ ને કાંઈ બચાવ કરીને અટકી ગયો છે.

સર્વથા બંધનો અભાવ તે તો મોક્ષ છે પણ એક દેશ બંધનો અભાવ થાય-ખરેખર અંશે પવિત્રતા પ્રગટ થાય તેને નિર્જરા અથવા શુદ્ધતા કહેવામાં આવે છે. થોડું પણ સત્ય હોવું જોઈએ. હજી તો તત્ત્વ કોને કહેવું તે ખબર ન હોય અને ધર્મ થઈ જાય એમ કદી બનતું નથી. "અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યાં નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન." સંતોની વાત મળી નહિ અને અમે જાણીએ છીએ, એવા અભિમાનમાં ને અભિમાનમાં રહી ગયો. પણ શાસ્ત્રજ્ઞાન એ કોઈ ચીજ નથી. ચીજ તો એ કે જે અતીન્દ્રિય આનંદના નાથમાં દૃષ્ટિ અને સ્થિરતા વડે નિર્જરા પ્રગટ કરે છે તે ચીજ છે. બાકી ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ તેને જરાય નિર્જરા નથી.

જગતને બેસે કે ન બેસે પણ મારગ તો આવો છે. અમારી પાસે માખણ લગાડવાની વાત નથી કે પૈસાવાળાને ધર્મ થાય અને ગરીબને ધર્મ ન થાય. પરમાત્મ-પ્રકાશમાં યોગીન્દ્રદેવે પંચમઆરાના પૈસાવાળા કેવા છે તે લખ્યું છે કે, પુણ્યથી વૈભવ મળે, વૈભવથી મદ થાય છે અને મદથી મતિ ભ્રષ્ટ થઈ જાય છે, અમે જ કાંઈક

મોટા છીએ ગરીબોને તો ગણે જ નહિ અને મતિભ્રષ્ટ થવાથી અવિવેકથી પાપ બાંધે છે એવું પુણ્ય અમારે જોઈતું નથી.

આત્માના અનુભવપૂર્વક શુભભાવ આવે અને પુણ્ય બંધાય જાય તેમાં તો શુભભાવનો આદર નથી તેથી એના ફળ વખતે આ મારા છે એવું અભિમાન નથી હોતું પણ ઉપર જે કહ્યું એ તો અજ્ઞાનીના પુણ્યની વાત છે. મિથ્યાદૃષ્ટિનું પુણ્ય પણ પાપનું જ કારણ થાય છે.

પ્રભુ—આત્મા રજકણ અને રાગના અંશથી ભિન્ન છે. કર્મ તે રજકણ છે અને પુણ્ય-પાપભાવ તે રાગનો અંશ છે તે બંને તત્ત્વથી ભગવાન આત્મા એક જુદું તત્ત્વ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવા પરમાત્મસ્વરૂપમાં ઉપયોગ ઉગ્રપણે એકાગ્રતા પ્રગટ કરે તેને અહીં નિર્જરા તત્ત્વ કહેવામાં આવે છે અને આ નિર્જરાના ભાવને લઈને કર્મ એની મેળે ગળીને ખરી જાય છે તેને દ્રવ્યનિર્જરા કહેવાય છે.

હવે બંધતત્ત્વનું વર્ણન કરે છે. સંવરમાં નવા કર્મ અટકે છે, નિર્જરામાં જૂના કર્મો ખરે છે પણ આ બંધતત્ત્વ શું છે? કે જૂના કર્મોની સાથે નવા કર્મોને જોડી દે છે તે બંધ છે.

जो नवकरम पुरानसौं, मिलैं गांठि दिढ़ होइ।
सकति बढ़ावै बंसकी, बन्ध पदारथ सोइ॥ ३३॥

ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે, પુણ્ય-પાપભાવ તે ભાવબંધ છે અને જડકર્મો બંધાય છે તે દ્રવ્યબંધ છે. જે નવા કર્મ, જૂના કર્મ સાથે પરસ્પર મળીને મજબૂતપણે બંધાઈ જાય છે અને કર્મશક્તિની પરંપરાને વધારે છે તે બંધ પદાર્થ છે.

મિથ્યાદૃષ્ટિને સ્વરૂપના અજ્ઞાનમાં નવા કર્મો જૂના કર્મો સાથે મળીને મજબૂત ગાંઠ બનાવી દે છે. તેથી કર્મનો વંશ વધી જાય છે. નિર્જરામાં શુદ્ધતાનો વંશ વધે છે અને આ બંધમાં કર્મનો વંશ વધે છે.

આ તો જેને ચારગતિમાં દુઃખ લાગ્યું હોય અને તેમાંથી નીકળવું હોય તેને માટે વાત છે. રાગમાં ક્યાંય પણ સુખ લાગતું હોય તો, તે તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વર્ગમાં પણ મજા માનતો હોય તે મૂઢ છે. સુખ તો એક આત્મામાં છે. તેને બદલે શરીરમાં, લક્ષ્મીમાં, શેઠાઈમાં, આબરૂમાં સુખ માને તે મૂઢ છે. પોતાનો આનંદ પરમાં માને એ તો મૂઢ જ હોય ને!

પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલીને, શરીરાદિ અજીવતત્ત્વને અને રાગાદિ આસ્રવ-

તત્ત્વને પોતાના માનીને અજ્ઞાની મૂઢ જીવ નવા કર્મો બાંધે છે અને જૂનાની સાથે નવા કર્મો મળવાથી કર્મની ગાંઠ વધુ દૃઢ બનાવે છે.

આ મારગ જુદો છે ભાઈ! દુનિયા સાથે મેળવવા જઈશ તો ત્યાં ક્યાંય નહિ મળે.

જેની દૃષ્ટિ આત્મામાં નથી અને પુણ્ય-પાપ, આસ્રવ અને અજીવતત્ત્વમાં જેની દૃષ્ટિ છે તેને જૂના કર્મ તો સત્તામાં પડ્યા જ છે અને નવા બાંધે છે તે બંને મળીને કર્મની ગાંઠને મજબૂત બનાવી દે છે सकति बढावे वंसकी, बन्ध पदारथ सोइ। પદાર્થ કહો કે તત્ત્વ કહો કે વસ્તુ બધું એક જ છે. વસ્તુ તરીકે તો પ્રભુ, બંધથી રહિત છે પણ એવી દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપાદિ ભાવબંધ અને દ્રવ્યબંધથી હું સહિત છું એવી દૃષ્ટિ હોવાને લીધે મિથ્યાદૃષ્ટિ નવા કર્મ બાંધીને કર્મની શક્તિને પુષ્ટ કરે છે. જુઓ! આ બંધની વ્યાખ્યા છે.

પુરુષાર્થસિદ્ધિની ૧૪ મી ગાથામાં લીધું છે કે આત્મા કર્મ અને કર્મના નિમિત્ત થતાં પુણ્ય-પાપના ભાવથી રહિત છે તેને સહિત માનવો એ જ ભવનું બીજ છે. આહા...! આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત હોવા છતાં સહિત માનવો એ જ ભવનું બીજ છે. એ જ બંધનું કારણ છે. — — [ ક્રમશઃ ]

## 卐 જો તારે દુઃખથી મુક્ત થવું હોય તો... 卐

* ભાઈ! આ ભવપરિભ્રમણમાં અનંત અવતાર કર્યા, ત્યાં તેં જે દુઃખો ભોગવ્યાં છે તેનું વર્ણન સાંભળતાં સાંભળનારની આંખોમાં આંસુઓની ધારા વહી જાય! મનુષ્ય-તિર્યંચનાં જે આ દુઃખો છે તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી નરકમાં દસ હજાર વર્ષની ઓછામાં ઓછી સ્થિતિએ છે. પ્રભુ! તારે જો એ દુઃખોથી મુક્ત થવું હોય અને આનંદકંદ નિજ ભગવાન આત્માને પ્રાપ્ત કરવો હોય તો તેનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય તેને અનુસરીને અંતર્મુખ પરિણમન કરવું પડશે. જેટલું કાર્ય પરલક્ષે થાય છે તે વિભાવ છે, તે તારું ખરું કાર્ય નથી. એક અપેક્ષાએ એમ કહેવાય કે વિભાવનો કર્તા જીવ છે; સમકિતી પણ, પરિણમન-અપેક્ષાએ, વિભાવપણે પરિણમે છે, તેથી તે કર્તા છે; પણ આત્માના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો તે કાર્ય આત્માનું નથી. અરે! કોની હોંશ કરવી અને કોના હરખના સડકા લેવા? અંદર આનંદનિધાન ચૈતન્યપ્રભુને અનુસરીને જે આત્મશુદ્ધિ થાય તે જ તારું કાર્ય છે; બાકી બધાં થોથાં છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી સ્વામીકાર્તિકેયની ૩૧૧-૧૨ મી ગાથા ચાલે છે. તેમાં અનેકાન્તની વાત ચાલે છે. નવ તત્ત્વોને અનેકાન્ત સ્વરૂપે જે શ્રદ્ધે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે એમ કહ્યું. હવે અધ્યાત્મશૈલીનું વર્ણન કરે છે. તેમાં મુખ્ય-ગૌણની વાત અલૌકિક રીતે સમજાવે છે.

અજીવથી જુદા ઓળખાવવા માટે ચૈતન્યપ્રાણને મુખ્ય કરીને આત્માને "જીવ" કહ્યો છે. જીવમાં તો અનંત ધર્મો છે પણ તેને અજીવથી ભિન્ન ઓળખાવવા માટે જીવત્વ ધર્મને મુખ્ય કરીને ઓળખાવ્યો છે.

અધ્યાત્મપ્રકરણમાં મુખ્યને નિશ્ચય કહેવામાં આવે છે ને ગૌણને વ્યવહાર કહેવામાં આવે છે. જુઓ અહીં "નિશ્ચય તે મુખ્ય" એમ ન કહ્યું, પણ "મુખ્ય તે નિશ્ચય છે" એમ કહ્યું કેમકે અધ્યાત્મદૃષ્ટિમાં તો સદાય અભેદની જ મુખ્યતા રહે છે, ને તે જ નિશ્ચય છે. અભેદ તે મુખ્ય છે, ને તે જ નિશ્ચયનો વિષય છે, ને ભેદ છે તે અધ્યાત્મમાં સદાય ગૌણ છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. જુઓ, વ્યવહાર તે પરને લીધે છે એમ નથી, પણ તે ગૌણ છે માટે તેને વ્યવહાર કહ્યો છે. ભેદ, પર્યાય કે વિકલ્પ તે સ્વનો અંશ છે, તે કાંઈ પરના કારણે નથી, પણ તે અંશના આશ્રયે ધર્મ થતો નથી, માટે તેને ગૌણ કરીને વ્યવહાર કહ્યો ને અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે પણ જો પર્યાયનો અંશ પરને લીધે છે એમ માને તો એકાંત નિશ્ચય થઈ જાય છે એટલે કે મિથ્યાત્વ થઈ જાય છે.

દ્રવ્ય અને પર્યાય તે બન્ને વસ્તુના જ અંશો છે. તેમાં દ્રવ્યને પ્રધાન કરીને નિશ્ચયનો વિષય કહ્યો ને પર્યાયને ગૌણ કરીને વ્યવહારનો વિષય કહ્યો પણ પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો તેનો અર્થ એમ નથી કે પર્યાય પરને લીધે થાય છે. રાગ તે આત્મા નથી, રાગ તે પુદ્ગલના પરિણામ છે એમ અધ્યાત્મદૃષ્ટિથી કહ્યું ત્યાં તેનો આશય તે પર્યાયને ગૌણ કરીને અભેદને પ્રધાન બતાવવાનો છે પણ પરને લીધે પર્યાય થાય છે એમ કહેવાનો આશય ત્યાં નથી. જીવનું પ્રયોજન સિદ્ધ કરવા માટે અભેદ દ્રવ્યને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે. સામાન્ય દ્રવ્ય અભેદરૂપ છે, તે નિશ્ચયનો આશ્રય છે, ને પર્યાય ભેદરૂપ છે, તેથી તે વ્યવહારનો આશ્રય છે. તે દ્રવ્ય અને પર્યાય બન્ને નિશ્ચયથી જીવના જ છે પણ અહીં અધ્યાત્મમાં અભેદતા બતાવવાનું પ્રયોજન

હોવાથી ભેદને ગૌણ કહેવામાં આવે છે. "ત્યાં પ્રયોજન આ છે કે વસ્તુને ભેદરૂપ તો સર્વ લોક જાણે છે; અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે. તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે." જુઓ, પર્યાય પરથી થાય એ વાત તો અહીં લીધી નથી પણ ક્ષયોપશમ તે હું છું—એમ ક્ષણિક પર્યાય જેટલો પોતાને લોકો માને છે.—એમ પોતાની પર્યાયની વાત લીધી છે. પરથી મારી પર્યાય થાય એ તો સ્થૂળ મિથ્યાત્વ છે. તેની તો અહીં વાત જ લીધી નથી. અહીં તો અધ્યાત્મની સૂક્ષ્મ વાત લેવી છે. તેથી કહ્યું કે લોકો ક્ષણિક પર્યાયને જ પોતાનું સ્વરૂપ માની રહ્યા છે તેથી પર્યાયબુદ્ધિ છે. ત્રિકાળી તત્ત્વને ભૂલીને ક્ષણિક વ્યક્ત અંશને જ લોકો પોતાનું સ્વરૂપ માની રહ્યા છે.

લોકોને પર્યાય તો પ્રસિદ્ધ છે પણ ત્રિકાળી દ્રવ્યને તે જાણતા નથી. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. માટે અહીં સામાન્ય દ્રવ્યને પ્રધાન કરીને તેને નિશ્ચય કહે છે, ને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહે છે. જે જીવ એમ માને કે પરથી મારી પર્યાય થાય છે, તેણે તો પર્યાયના અંશને પણ ન સ્વીકાર્યો. પરને પોતાનું જાણે છે તે વાત તો ન લીધી. લોકો પણ પોતાની પર્યાયના અંશને જ આખી વસ્તુ જાણે છે એમ કહ્યું. અજીવથી જુદા પાડવા માટે જીવતત્ત્વને તેના વિશેષ ધર્મથી ઓળખાવ્યો, પણ હવે તો જીવતત્ત્વમાં જ મુખ્ય ગૌણની વાત લે છે. હજી તો જે જીવ પરથી પોતાની પર્યાય માને છે તેણે તો પોતાની ભેદરૂપ વસ્તુને પણ નથી માની.

પર્યાય તો ભેદરૂપ છે. તેથી તેના આશ્રયે વ્યવહાર છે, ને અભેદ વસ્તુ તે મુખ્ય છે, તેથી તે નિશ્ચયનો વિષય છે. અભેદરૂપ દ્રવ્યસ્વભાવને અજ્ઞાની જીવો જાણતા નથી ને માત્ર રાગાદિ પર્યાયને જ જીવ જાણે છે, તેથી તેને અભેદ વસ્તુની પ્રસિદ્ધિ કરાવવા માટે અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને-પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

જુઓ, પર્યાયમાં વિકાર થાય છે તે પોતાથી જ થાય છે પણ તે અંશની બુદ્ધિ છોડાવવા અધ્યાત્મમાં તેને અભૂતાર્થ કહી દીધો. પણ પરને લીધે તે વિકાર થયો છે એમ કહેવાનો આશય છે જ નહીં. અનેકાન્ત વસ્તુ છે તેમાં પણ આત્માને સાધક બનાવવા માટે મુખ્ય-ગૌણ થાય છે તે અહીં સમજાવ્યું છે. અધ્યાત્મમાં એટલે કે આત્માની સાધકદશા પ્રગટ કરીને તેને ટકાવી રાખવા માટે અભેદ વસ્તુને પ્રધાન કરીને નિશ્ચય કહેવામાં આવે છે. જુઓ, કોઈવાર પર્યાયને પણ નિશ્ચય કહેવાય છે પણ અધ્યાત્મમાં તે પર્યાયની કદી મુખ્યતા થતી નથી. અધ્યાત્મમાં અભેદની જ પ્રધાનતા રહે છે. પર્યાયના અંશને તો લોકો જાણે છે પણ તેમાં જીવના પ્રયોજનની સિદ્ધિ થતી નથી એટલે કે પર્યાયના આશ્રયે શાંતિ થતી નથી, કલ્યાણ થતું નથી. અભેદ દ્રવ્યના

આશ્રયે જ શાંતિ થાય છે. માટે અધ્યાત્મમાં જીવનું પ્રયોજન સિદ્ધ કરવા અભેદને જ પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

લોકો પર્યાયના અંશને જ આખું સ્વરૂપ માની રહ્યા છે એટલે લોકો પર્યાય-બુદ્ધિ છે જીવને નર-નારકાદિક પર્યાય છે, રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે. એ સર્વ પર્યાયને જ લોક જીવ માને છે. તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતનાધર્મને ગ્રહણ કરીને તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત ભેદ-નયને ગૌણ કર્યો.

જુઓ ! ત્રણ વાત લીધી :—

૧. નર-નારકાદિ પર્યાય.

૨. રાગ-દ્વેષાદિ પર્યાય.

૩. જ્ઞાનના ક્ષયોપશમ ભાવરૂપ મતિ-શ્રુત-વગેરે પર્યાય તેને તો સાધારણ જનતા પણ જાણે છે પણ તે પર્યાયમાં અભેદ ભાવરૂપ જે અનાદિ અનંત એકરૂપ શુદ્ધ ચૈતન્ય-વસ્તુ છે તેને લોકો જાણતા નથી. હું મનુષ્ય, હું દેવ, હું રાગી, હું અજ્ઞાની એમ વર્તમાન અંશરૂપ ભાવને તો જીવો જાણે છે, પણ અનાદિ અનંત એકરૂપ શુદ્ધ ચૈતન્ય-વસ્તુ છે તે હું છું—એમ અભેદરૂપ વસ્તુને જાણતા નથી તેથી અભેદરૂપ વસ્તુને ઓળખાવવા માટે ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. જુઓ. અહીં ભેદને "ગૌણ કર્યો છે, પણ તેનો કાંઈ અભાવ" નથી. જેમ આત્મામાં કર્મનો ને પરનો અભાવ છે તેમ કાંઈ ભેદનો ને પર્યાયનો આત્મામાં અભાવ નથી, પણ તે ક્ષણિક અંશ છે, તેને લોકો જીવ જાણે છે, તેથી ત્રિકાળી અભેદ વસ્તુ ઓળખાવવા અનાદિ-અનંત એકરૂપ ચૈતન્યધર્મને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે. જુઓ, સમયસારમાં તેને "જ્ઞાયકભાવ" કહીને નિશ્ચયનો વિષય ઓળખાવ્યો છે.

છઠ્ઠી ગાથામાં કહે છે કે :—

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।
एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव ॥ ६ ॥

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.

જુઓ, અહીં તેને અનાદિ અનંત એકરૂપ ચેતનાભાવ કહીને ઓળખાવ્યો છે. અધ્યાત્મમાં અભેદરૂપ વસ્તુને જ પ્રધાન કહી છે, કેમકે તેના જ આશ્રયે સાધકભાવ પ્રગટે છે, ટકે છે, ને વધે છે. ભેદરૂપ પર્યાયના આશ્રયે સાધકભાવ પ્રગટતો નથી, ટકતો નથી ને વધતો પણ નથી. આ પ્રયોજન બતાવવા માટે જ સમયસારમાં ગુણસ્થાન વગેરેને પણ જુદા કહ્યા છે. સામાન્યપણે સ્વ તે નિશ્ચય ને પર તે વ્યવહાર એમ કહેવાય પણ અહીં અધ્યાત્મમાં તો ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. પર્યાય પણ છે તો પોતાની ને તે ક્રમબદ્ધ થાય છે પણ તે પર્યાયની બુદ્ધિથી કલ્યાણ થતું નથી. માટે પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. પણ પર્યાય પોતાની છે એમ તો જાણ્યું છે. સમયસાર વાંચીને એમ માને કે "વિકાર કર્મકૃત છે, કર્મ જ વિકાર કરાવે છે" તો તે વાત જૂઠી છે. અરે ભાઈ! સમયસારમાં તો પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તેને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે પણ તે પર્યાય પરથી થાય છે એમ કહેવાનો ત્યાં આશય છે જ નહીં. પહેલાં તો એમ માનતો હતો કે વિકાર થાય તે મારો અપરાધ છે.—એમ માનીને વિકાર થાય તેનો ખેદ કરતો અને સમયસાર વાંચીને એમ કહે કે "વિકાર તો કર્મ કરાવે છે" તો તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. અધ્યાત્મમાં તો અભેદવસ્તુને ઓળખાવવા માટે ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. સમ્યગ્દર્શન તો અભેદ વસ્તુની મુખ્યતાથી થાય છે. કર્મ જ વિકાર કરાવે છે એમ માને તો તેને વિકારનો ભય જ ન રહ્યો; તો તે સ્વચ્છંદી થઈ ગયો.

અભેદરૂપ વસ્તુનું જ્ઞાન કરાવવા માટે પર્યાયાશ્રિત ભેદને ગૌણ કર્યો. અભેદ-દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. તેથી અભેદનયનું દૃઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે પર્યાયનય છે તે વ્યવહાર છે-અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. વસ્તુ જેમ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભાવરૂપ છે તેમ કાંઈ પોતાની પર્યાયથી તે અભાવરૂપ નથી. પણ અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, માટે તેને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે, તે તો અભેદદૃષ્ટિ કરાવવા માટે કહ્યું છે પણ અભેદસ્વભાવની દૃષ્ટિ કરે નહીં ને ઊલટો એમ માને કે પર્યાય છે જ નહીં તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ભેદબુદ્ધિના એકાંતનું નિરાકરણ કરવા માટે અભેદદૃષ્ટિને પ્રધાન કરીને ભેદને અભૂતાર્થ કહ્યો છે. પરંતુ "ભેદ તે વસ્તુનું સ્વરૂપ જ નથી" એમ નથી.

એકેક સમયની પર્યાયનો ઉત્પાદ પોતાથી થાય છે. તે પણ નિશ્ચયથી પોતાનો અંશ છે પણ તે એક અંશમાત્રને જ લોકો જીવ માને છે તેથી પર્યાયબુદ્ધિ છે. પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગ સધાતો નથી. અભેદ વસ્તુના આશ્રયે જ મોક્ષમાર્ગ સધાય છે માટે

મોક્ષમાર્ગનું પ્રયોજન સિદ્ધ કરાવવા માટે જ અધ્યાત્મમાં અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અહીં તો એકાંત પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ છોડાવવા માટે આ કથન છે. મારી પર્યાય પરથી થાય એમ જે માને છે તે તો સ્વના અંશને પણ પોતાનો માનતો નથી, તેથી તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. ભેદરૂપ પર્યાય એક સમય પૂરતી છે, તેને જ જે વસ્તુ માની લે છે તે એકાંતબુદ્ધિ છે તે એકાંત-પર્યાયબુદ્ધિનું અહીં નિરાકરણ કર્યું છે, તો પછી કર્મ જીવની નર-નારકાદિ પર્યાયને કરે એમ જે માને તેને તો સ્વ-પરની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ છે. નરકગતિ નામકર્મના ઉદયથી જીવ નરકમાં જાય છે—એમ કહ્યું ત્યાં તો નરકપર્યાય તે જીવનું આખું સ્વરૂપ નથી એમ બતાવવા કહ્યું હતું એટલે "નારકી તે જ હું" એવી પર્યાયબુદ્ધિ છોડીને શુદ્ધ ચૈતન્યવસ્તુની દૃષ્ટિ કરાવવા તે કથન કર્યું હતું પણ પર્યાય પરને લીધે થાય છે એમ બતાવવા તે કહ્યું નથી. સમય-સમયની પર્યાય પણ તારાથી થાય છે. નરકગતિમાં જાય ત્યાં તે સમયની જીવની લાયકાત છે, કર્મને લીધે તે પર્યાય થઈ નથી. તેરમા ગુણસ્થાને કેવળી ભગવાન રહ્યા છે, તે તેમના અશુદ્ધ પારિણામિકભાવને લીધે ત્યાં રહ્યા છે, અઘાતિકર્મને લીધે રહ્યા નથી. પર્યાયબુદ્ધ છોડાવીને અભેદવસ્તુની દૃષ્ટિ કરાવવા તેને પ્રધાન કરીને નિશ્ચય કહ્યો છે ને પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે તેને અભૂતાર્થ કહ્યો છે. પણ તે પોતાની પર્યાયમાં થાય છે. તેથી તે નિશ્ચયથી પોતાનો અંશ છે તેને પરનો અંશ માને તો સર્વથા એકાંત શ્રદ્ધાથી મિથ્યાત્વ થઈ જાય છે. ઉપશમભાવ, નરકાદિ પર્યાય વગેરે પોતાના ભાવ છે તેને જો પરને લીધે માની લે તો તે સર્વથા એકાંત શ્રદ્ધા છે એટલે મિથ્યાત્વ છે. પર્યાયનો અંશ પોતાનો છે પણ અજ્ઞાની જીવ પર્યાય જેટલો જ પોતાને માનીને પર્યાય-બુદ્ધિ થઈ રહ્યો છે, ને અભેદરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુને ઓળખતો નથી તેથી તેને અભેદરૂપ શુદ્ધવસ્તુ ઓળખાવવા માટે પર્યાયને ગૌણ કરીને તેને અભૂતાર્થ કહ્યો છે.

સામાન્ય-વિશેષરૂપ અનેકાંત વસ્તુ છે. તેથી અભેદરૂપ વસ્તુને ઓળખાવવા માટે અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો પણ તેમાં પર્યાયને સર્વથા અસત્યાર્થ માને એટલે કે પર્યાય પરથી થઈ એમ માને તો તેપણ મિથ્યાદૃષ્ટિ છે. માટે અનેકાંત વડે વસ્તુને જેમ છે તેમ સાધવી જોઈએ.

[ક્રમશઃ]

[ અપૂર્વ બોણી...ટાઈટલ ૨ થી ચાલુ ]
જાય છે. નિશ્ચયથી એ પર્યાયનો વ્યવહાર દ્રવ્યસ્વભાવમાં નથી. માટે અહીં કહ્યું છે કે કર્મ અને કર્મના સંગે થયેલી દશારૂપે આત્મા થયો જ નથી. કર્મ અને વિકાર તથા અલ્પજ્ઞદશા આત્મારૂપે થઈ નથી.

આવા ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ વડે દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરી બહિરાત્મપણું છોડી પૂર્ણ પરમાત્માનું આરાધન કર!

—આવા પૂર્વોક્ત લક્ષણવાળા પરમાત્માનું તું ચિંતવન કર એટલે કયું લક્ષણ કે જે કર્મથી બંધાયેલો હોવા છતાં કર્મરૂપ થયો નથી, તેના ફળરૂપ ભાવકર્મરૂપે જે થયો નથી એવા આત્માનું તું ચિંતવન કર.

આ તો મોટી વાત છે ભાઈ! એ પોતે જ એવો મોટો મહાન છે કે ભગવાનની વાણીમાં પણ પૂરો આવે નહિ. પણ તેની પોતાને કિંમત નથી, કિંમત ટાંકતાં પણ આવડી નથી. ભાઈ! તું તો પૂરો ભગવાન છો ને! આ ભગવાન કદી વિકારરૂપે કે કર્મરૂપે થયો જ નથી. જે છૂટો છે તે ત્રણેકાળ છૂટો જ છે. વિકારી પર્યાયો અને ભગવાન આત્મા બંનેની વચ્ચે ત્રણેકાળ સાંધ પડેલી જ છે એટલે તે વિકાર કે પરરૂપે કદી થયો જ નથી તો તે વિકાર અને પર વડે અંતરમાં જવાય એ તો બની શકે જ નહિ.

એણે અનંતકાળમાં માંગલિક—સુપ્રભાત ક્યારેય કર્યું જ નથી. અહો! જે તત્ત્વનો એક એક ગુણ આનંદરત્નથી ભરેલો છે, જે શાશ્વત છે, જે દ્રવ્ય છે, તે શું ખાલી હોય? એક જીવત્વ શક્તિ લ્યો તો, જીવનો જીવસ્વભાવ શાશ્વત છે, અને આનંદદાયક છે. તે શાશ્વત આનંદદાયક જીવત્વસ્વભાવ કદી અલ્પજીવનપણે કે કર્મપણે થયો જ નથી.

આબાળ-ગોપાળ જે બાળક, યુવાન કે વૃદ્ધનું શરીર દેખાય છે તે આત્મા નથી. તે તો હાડકાંના માળા છે. જ્યાં આત્માના નજીકના સંબંધમાં રહેલા કર્મ સાથે પણ નિશ્ચયથી જીવને સંબંધ નથી તો હાડકાના માળા તો ક્યાંય દૂર રહી ગયા. આ જરાં મોંઘુ પડે એવું તત્ત્વ છે. તે કિંમતે મોંઘુ છે પણ સમજવે મોંઘુ નથી.

આ ચીજમાં અનંતકાળમાં કોઈ'દિ એણે નજર તો નથી કરી પણ નજર કરવા લાયક છે એમ નક્કી પણ કર્યું નથી. અહા! જેમાં અનંત આનંદ,—જ્ઞાન આનંદ, દર્શન આનંદ, ચારિત્ર આનંદ, શાંતિ આનંદ, વીર્ય આનંદ એવા અનંત આનંદનો મોટો પોટલો–રત્નાકર છે, ગંજ છે, એવો આ આત્મા કર્મ જોડે દેખાય છે પણ ખરેખર તેની સાથે આત્માને સંબંધ જ નથી. અને કર્મના સંબંધમાં પોતાની ભૂલથી પર્યાયમાં હીણપ અને વિકાર દેખાય છે તે પણ વસ્તુમાં નથી. વસ્તુ એ રૂપે થઈ જ નથી.

એને એની મોટપની ખબર નથી અને બીજાને મોટપ આપે છે તેથી સંયોગ છૂટતો નથી અને પરિભ્રમણનો અંત આવતો નથી. અહો! ભગવાન આત્મા એક એક ગુણની બેહદ શક્તિવાળું શાશ્વત તત્ત્વ છે.

આકાશનો ક્યાંય અંત નથી, તેનું કોઈ માપ નથી. અનંત કરોડ × અનંત કરોડ જોજન ચાલ્યા જાવ તોપણ શું તેનો અંત આવશે! દશેય દિશામાં ક્યાંય તેનો અંત જ નથી. આકાશ બધી બાજુ છે...છે...છે...તેમાં નથી એવું ક્યાંય નહિ આવે માટે તો શાસ્ત્રકાર આકાશને સર્વઅનંત–સર્વઘન અનંત કહે છે. એ સર્વઘનને આ ચિદાનંદ આત્મા પોતાની એક સમયની પર્યાયમાં જાણી લે છે. આ તો થઈ એક પર્યાય પણ તેનો જે ગુણ જ્ઞાનઘન તે આખા આત્મામાં વ્યાપેલો છે. એ જ રીતે દર્શન, આનંદ, વીર્ય આદિ બધાં ગુણ આત્મામાં વ્યાપેલા છે. જેમ સાકરમાં ગળપણ, સફેદાઈ, સુંવાળપ વગેરે ગુણો આખા ગાંગડામાં વ્યાપેલા છે તેમ જ્ઞાનાદિ ગુણો આખા આત્મ-પ્રમાણ છે.

અનંતનો પણ અંત લેનારું જ્ઞાન સર્વઅનંત છે. અનંતનો અંત એટલે તેનું સ્વરૂપ, તેનું પ્રમાણ, તેને જ્ઞાન એક સમયમાં જાણી લે છે. જેનો જે સ્વભાવ છે તેને મર્યાદા શું? જેનું જે સત્ત્વ છે તેને મર્યાદા ન હોય. અનંત જ્ઞાન અને પૂર્ણ આનંદથી ભરેલું આ તત્ત્વ છે. પણ આવો આત્મા જગતના જીવોને સાંભર્યો જતો નથી. એક બીડી વિના ચાલે નહિ, દાળ વિના ચાલે નહિ, થોડું અપમાન પણ સહન થાય નહિ અને આત્મા આવો!

कदाचिदपि स्फुटं અર્થાત્ આવો આ આત્મા ત્રણકાળમાં કદી પણ જડરૂપે થયો નથી. એણે માન્યું ભલે હોય કે હું કર્મરૂપે થઈ ગયો, રાગરૂપે થઈ ગયો, અલ્પ-જ્ઞાનરૂપે થઈ ગયો. પણ એ કદી એરૂપે થયો નથી. પ્રભુ! આ દેહમાં બિરાજમાન આત્માની વાત ચાલે છે હો! એની માન્યતામાં ભ્રમ છે પણ ભ્રમ ભાંગતા ભગવાન તો જેવો છે તેવો છે. આ વાત અનંતકાળમાં કોઈ દિ એણે લક્ષમાં લીધી નથી. આવડો મોટો હું! એ કેમ બેસે?

પામરવૃત્તિમાં પ્રભુનો સ્વીકાર થતો નથી. કંઈક પાપની વાસનામાં મજા માની લે. કંઈક પુણ્યના ફળોમાં બાદશાહી છે એમ માની લે પણ તેમાં તેની અસલી બાદશાહી લૂંટાઈ જાય છે. આ તો બધી બહારની બાદશાહી વિનાની ચીજ છે.

પરમાત્મા એટલે પરમસ્વરૂપ પોતે અકૃત્રિમ, અણકરાયેલી, અખંડ, અભેદ વસ્તુ છે તે જડકર્મ કે ભાવકર્મરૂપે કદી થઈ નથી અને જડકર્મ અને ભાવકર્મ આત્મારૂપે કદી થયા નથી.

શું જગતની ચીજનું માહત્મ્ય ટાંકનારો માહાત્મ્ય વિનાનો હોય? પાંચ કરોડનો હીરો જોવા ગયા હો પણ આંખ ન હોય તો? નકામું. માટે હીરા કરતાં આંખની કિંમત વધારે છે; આંખ વગર હીરાની કિંમત કોણ ટાંકે? તેમ આંખ હોય પણ આત્મા ન હોય તો આંખની કિંમત કોણ ટાંકે! આંખના એક કોડાની કિંમત તું ટાંકે છો પણ ચૈતન્ય વિના એની કિંમત ટાંકશે કોણ? બધાંની કિંમત ચૈતન્યની એક સમયની પર્યાય ટાંકી લે છે. એવી અનંત પર્યાયનો ધણી-બાદશાહ-ચૈતન્ય તેની શું કિંમત ટાંકવી! તેની કિંમત ટાંકે તેની દશા ટંકાઈ જાય.

રાંકો થઈને ભીખ માંગવા નીકળ્યો છે પ્રભુ! મને કાંઈક આપોને! પ્રભુ કહે છે ભાઈ! બધું તારી પાસે જ છે. અમે પરમાત્મા થયા તે પણ અમારામાં શક્તિ હતી તેમાં એકાકાર થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી છે. અમારી જેમ તું પણ પરમાત્મા છો. અમારી નાતની હરોળમાં બેસ એવી તારી જાત છે. મારી અને તારી વસ્તુમાં ફેર નથી.

આ બેસતાં વર્ષનું માંગલિક ચાલે છે. તેમાં યોગીન્દ્રદેવ ફરમાવે છે કે, આવા આત્માનું તું ચિંતવન કર. પવિત્રતાને પમાડે અને પાપને ગાળે એવા ભાવને માંગળિક કહેવાય છે. મંગ + લ = પવિત્રતાને લાવે અને મમ + ગલ = રાગ અલ્પજ્ઞતા અને પરમાં અહંકાર કરીને જે મિથ્યાત્વમાં ચડયો છે તેને પૂર્ણાનંદ સ્વભાવના લક્ષે ગાળી નાંખવું તે પણ મંગલ છે. સવાર-સાંજ 'ચત્તારિ મંગલમ' નો પાઠ બોલો છો ને! તેમાં આ કરવાનું છે.

ભગવાન આત્માનું જે શુદ્ધસ્વરૂપ છે તેની દષ્ટિ ન કરી, તેનું જ્ઞાન ન કર્યું અને તેમાં સ્થિરતા ન કરી અને શરીર, વાણી, મન, રાગ અને અલ્પજ્ઞતા તે હું એવી માન્યતા કરી એવું જ જ્ઞાન અને તેમાં જ એકાગ્રતા કરી તેના કારણે જે જડ કર્મો આવ્યા તેને જ જ્ઞાનાવરણાદિ આઠ કર્મો કહેવાય છે. વ્યવહારનયથી એટલે વર્તમાન પર્યાયના લક્ષથી તે કર્મો સાથે જીવને સંબંધ છે એમ કહેવાય છે તોપણ, શુદ્ધનિશ્ચયનયથી એટલે સત્... સત્...શાશ્વત શુદ્ધસ્વભાવની દષ્ટિથી જોઈએ તો આત્મા કર્મરૂપ નથી. શાશ્વત વસ્તુને જોનારા જ્ઞાનથી જોઈએ તો આત્માને કર્મ સાથે સંબંધ નથી, ભગવાન આત્મા વિકારરૂપે પણ નથી અને કર્મરૂપે પણ નથી.

હું અલ્પજ્ઞ છું, અલ્પદર્શિ છું, રાગવાળો છું, કર્મ અને શરીરના સંબંધવાળો છું, એવી દૃષ્ટિની વર્તમાનમાં અસ્તિ છે તેની નાસ્તિ કરીને, એટલે એવડો હું નથી એમ તેની નાસ્તિ કરીને હું તો અખંડ અને પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિની અસ્તિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને માંગલિક કહેવામાં આવે છે.

હું અખંડ શાશ્વત અનંત ગુણસ્વરૂપ ભગવાન છું તેનું હોવાપણું મેં માન્યુ ન

હતું અને હું તો અલ્પજ્ઞ, પુણ્ય-પાપ રાગવાળો અને શરીરવાળો છું એમ માન્યું હતું. જુઓ! આ મિથ્યા માન્યતાનું અસ્તિત્વ તો છે. જો મિથ્યા માન્યતા ન હોય તો તો પૂર્ણાનંદનો અનુભવ હોવો જોઈએ. માટે આવી મિથ્યા માન્યતાનું જેને અસ્તિત્વ છે તેને કહે છે કે તે અસ્તિની તું નાસ્તિ કર! કે હું એવડો નહિ, હું તો પૂર્ણાનંદ, અખંડ-આનંદ. શાંતરસનો કંદ, અવિકારી સ્વભાવ સ્વરૂપ પ્રભુ છું. આવું ભાન કેવી રીતે થાય? કે અંતરના સમ્યગ્જ્ઞાન વડે પોતાના મહાન અસ્તિત્વનો સ્વીકાર થાય છે અને મિથ્યામાન્યતાનો નાશ થાય છે. આ 'લાભ સવાયા' છે.

લોકો એમ વાતો કરે કે આજ બેસતાં વર્ષના દિવસે કજિયો કરશો નહિ. નહિ તો બાર મહિના કજિયો ચાલશે. તેમ અહીં કહે છે આજ કોઈ વિપરીતભાવ કરીશ નહિ. આજે તો મહાન અવિપરીત ચિદાનંદ ભગવાન તારી પાસે પડ્યો છે તેના મહાન અસ્તિત્વને એકવાર લક્ષમાં લે! તે આત્મા કદી કર્મ અને અલ્પજ્ઞપણે થયો નથી. તેનું લક્ષ નહિ કર તો એમાં ને એમાં જીવન ચાલ્યું જશે.

અરે, પણ એને એની મોટપની ખબર તો નથી પણ તેની મોટપની વાત કોઈ સંભળાવે તોપણ બેસતી નથી. એને તો જાણે બાહ્યમંડળ જેવું લાગે છે. અરે, મારે તો એક પણ ચીજ વિના ચાલતું નથી, જરાય અગવડતા પોસાતી નથી અને હું અત્યારે આવડો મોટો કેવી રીતે! બેસતાં વર્ષને દિવસે છોકરાને બે હજારનો દાગીનો પહેરાવ્યો અને કોઈ દાગીનો ઉપાડી જાય તો હાય...હાય...થઈ જાય. લાપસી બનાવી હોય તે પણ જાણે કડવી લાગે. ત્યારે પણ બીજા કહે કે, ભાઈ! આજ કજિયો કરશો નહિ. તેમ અહીં કહે છે પૂર્ણાનંદની પ્રતીતિમાં આ બધું—અલ્પજ્ઞતા, શરીર આદિપણું ન રહે તો કજિયો કરશો નહિ. તારા ભગવાનમાં રાગ-દ્વેષ, શરીર આદિ કાંઈ છે જ નહિ, જ્યાં જાય ત્યાં જવા દે, તારામાં એ નથી.

નિર્વિકલ્પસ્વરૂપની દૃષ્ટિ વડે એટલે અંતરાત્મદશા વડે પરમાત્મસ્વરૂપને અનુભવમાં લઈ, બાહિરાત્મદૃષ્ટિ છોડી દે. શરીર રાગ, કર્મ આદિ હું છું એવી બાહિરાત્મબુદ્ધિના અભાવમાં સ્વભાવ તરફની દૃષ્ટિ, જ્ઞાનરૂપ અંતરાત્મદશાને ઘૂંટતાં પોતે વ્યક્તરૂપે પરમાત્મદશાને પ્રાપ્ત થઈ જાય છે. હું પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ છું એમ જે દૃષ્ટિ અને જ્ઞાને કબૂલ કર્યું તે અંતરાત્મદશા થઈ અને બહિરાત્મદશા ગઈ. હવે એ દશાને ઘૂંટતાં પોતે વ્યક્તરૂપે પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે.

ભગવાન કદી પોતાના ગુણને છોડતો નથી અને પરને ગ્રહતો નથી. જે સત્ છે—શાશ્વત છે તે વસ્તુના અનંત ગુણો શી રીતે છૂટે? ગુણો છૂટી જાય તો વસ્તુનો જ અભાવ થઈ જાય. વસ્તુ કદી પોતાના ગુણને છોડતી નથી અને નિશ્ચયથી રાગ-દ્વેષને

કદી અડતી નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથની વાણીમાં આવેલી આ વાત છે.

અજ્ઞાની જીવને દુઃખના સ્વરૂપની પણ ખબર નથી. અમારે તો પૈસા હોય તો ઠીક પણ મરણ વખતે શરીરમાં ઈયળો પડી હશે, ડાકટરો પણ હાથ ખંખેરી નાંખશે ત્યારે પૈસા શું કરશે? ત્યારે તું જ રાડો પાડીશ કે અરે, હું તો છતે પૈસે દુઃખી થઈ ગયો! અરે, ભાઈ! તું આનંદસ્વભાવી હોવા છતાં તું આનંદસ્વભાવની દૃષ્ટિના અભાવે દુઃખી છો. પૂર્ણાનંદ પરમાત્માની શ્રદ્ધા છોડી હું રાગવાળો અને હું શરીરવાળો છું એમ માનવું તે માન્યતા જ દુઃખ છે. તે દુઃખને તું ટાળી શકે છો. બીજો કોઈ તારા દુઃખને ટાળી શકે તેમ નથી.

પરમ સ્વરૂપ વસ્તુ છે, તે શાશ્વત છે, તેની અનંત શક્તિઓ શાશ્વત છે. તેમાં આનંદ જ ભર્યો છે છતાં તેનો અનાદર કરીને તે આનંદ વિના જ ચલાવ્યું છે અને પુણ્ય-પાપનો આદર કર્યો છે કે, તેના વગર મને ચાલતું નથી—એ જ મહા અમંગલિક મિથ્યાત્વભાવ છે.

જ્ઞાનમૂર્તિ ભગવાન ચૈતન્ય-અરીસો છે તેમાં નજર કરે તો જ્ઞાનનો પિંડ-રસકંદ નજરમાં આવે. આવો આ ભગવાન પોતાના સ્વરૂપને છોડીને કર્મરૂપે પરિણમતો નથી અને દ્રવ્યકર્મ અને ભાવકર્મ કદી આત્મારૂપે પરિણમતા નથી પણ ભ્રાંતિથી ભવ થયા છે. છતાં ભગવાન આત્મામાં ભવ અને ભ્રાંતિ બંનેનો અભાવ છે. ભવ ને ભ્રાંતિરૂપે આત્મા થયો નથી અને ભવ ને ભ્રાંતિ આત્મારૂપે થયા નથી. પણ આ વાત સાંભળવા મળે નહિ, મળે તો સમજવાની દરકાર નહિ અને ધર્મના નામે બહારની ક્રિયા કરી કરીને હેરાન થઈ જાય છે.

અહીં તો પહેલાં ફક્ત વિશ્વાસ અને દૃષ્ટિ પલટાવવાની વાત છે. વિશ્વાસ થયા વિના સ્થિરતારૂપી વહાણ ચાલતાં નથી. જેણે જ્ઞાન, દર્શન અને આનંદ ધારી રાખ્યા છે એવી આ ચૈતન્યવસ્તુ જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ જડકર્મ અને અલ્પજ્ઞાન, અલ્પદર્શન આદિ ભાવકર્મરૂપે થઈ જ નથી અને તે આત્મારૂપે થયા નથી. બંને વસ્તુ અનાદિથી ભિન્ન-ભિન્ન જ વર્તે છે. પણ આમ ભિન્ન વર્તે છે એવી મહિમાપૂર્વક દૃષ્ટિ થયા વિના એને આત્મામાં નવું વર્ષ બેસતું નથી.

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, વેદનીય, આયુષ્ય—કર્મરૂપે આત્મા થયો નથી અને તે આત્મારૂપે થયા નથી. નામકર્મ અને તેમાં અટકવારૂપ યોગ્યતાપણે પણ આત્મા થયો નથી. ગોત્રકર્મ અને તેની ઊંચ-નીચની યોગ્યતાપણે આત્મા થયો નથી અને તે આત્માપણે થયા નથી. અંતરાયકર્મ અને દાન લાભ આદિમાં વીર્યની અલ્પતા-

પણે આત્મા થયો નથી અને તે આત્માપણે થયાં નથી અર્થાત તે જડરૂપ પોતાના પુદ્ગલપણાને છોડીને ચૈતન્યરૂપ થતાં નથી. રાગ-દ્વેષ, અલ્પજ્ઞતા આદિ પણ જડ છે. એ ચૈતન્ય નથી. ઉઘાડનો એક અંશ તે વ્યવહાર-આત્મા છે, તે ખરેખર નિશ્ચય-આત્મા નથી. ચિદ્ઘન દ્રવ્યસ્વભાવ અલ્પજ્ઞરૂપે થયો નથી અને અલ્પજ્ઞતા ચિદ્ઘનરૂપે થઈ નથી.

અરે, ત્રિકાળી નિત્ય દ્રવ્ય ઉત્પાદ-વ્યયના અંશરૂપે થતું નથી માત્ર માન્યતામાં ફેર છે. પૂર્ણાનંદ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર નહિ અને અલ્પજ્ઞતા તથા રાગાદિનો સ્વીકાર એ જ મિથ્યાભ્રમ છે, તે જ સંસાર છે, તે જ દુઃખ છે.

સાચું પૂજ્યપણું કોનું છે? કે ભગવાન આત્મા પોતે પૂજ્ય છે. તેની પૂજા કર્યા વિના બીજા બધાં થોથા છે અને ચૈતન્ય મહાપદાર્થની પૂજ્યતા અંતરમાં પ્રગટી તેને બધી પૂજા થઈ ગઈ.

હવે ગાથાનો સરવાળો કરે છે કે ભાઈ! તારી પ્રભુતાને સંભાળવા માટે પૂર્ણ-સ્વભાવ અને તે-મય આત્મા એટલે સ્વભાવ અને સ્વભાવવાન-અભેદ આત્મા તેને સર્વ પ્રકારે ઉપાદેય બનાવ. ચારે તરફથી દૃષ્ટિ હટાવી એક તેના ઉપર જ દૃષ્ટિ દે, કેમ કે એક એ જ આદરણીય છે.

આ તો બહુ મોટી વાત થઈ ગઈ. તેનો રસ્તો પહેલાં તો કાંઈ બીજો હશે કે નહિ? ના ભાઈ, પહેલાં પણ આ અને પછી પણ આ એક જ માર્ગ છે.

જેની તિજોરીમાં કરોડો રૂપિયા પડ્યા છે તેના ઘરની દિવાલ ઉપર ભલે કોઈ લખી જાય કે શેઠે દિવાળુ કાઢ્યું, પણ શેઠના પેટનું પાણી હલતું નથી. તેમ ચૈતન્યમૂર્તિ આત્માને તું ગમે તેવો માન પણ તે તો જેવો છે તેવો જ છે તેમાં કાંઈ ફેર પડતો નથી. અરૂપી પણ એ વસ્તુ છે ને! એ વસ્તુ પોતાના અનંત ચૈતન્યસ્વભાવનું દળ છે. એકવાર તું આ ભગવાન આત્માને આરાધવાલાયક જાણ. એ જ દૃષ્ટિ કરીને સેવવા-લાયક વસ્તુ છે, બાકી બધું છોડવા લાયક છે. આવું નક્કી કરીને, અનુભવ કર્યા વિના પ્રગટ પરમાત્મા થવાનો બીજો કોઈ ઉપાય નથી.

શક્તિએ પરમાત્મા છે તે આ રીતે પોતાની શક્તિની આરાધના-સેવા કરતાં પ્રગટ પરમાત્મા થાય છે. તેને સિદ્ધ-ભગવાન કહેવામાં આવે છે. તે દશાનું નામ જ મોક્ષદશા છે. તે પૂર્ણ પરમાત્માને પછી અવતાર ન હોય, સંસાર ન હોય, બંધન ન હોય, દુઃખ ન હોય અને પૂર્ણ અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે.

તું પૂર્ણાનંદના નાથનું આલંબન લે. બીજું કોઈ આલંબન લેવા યોગ્ય નથી. પરસન્મુખની શ્રદ્ધા, પરસન્મુખનું જ્ઞાન અને પરસન્મુખની સ્થિરતા છોડી સ્વસન્મુખની

શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરતાં સ્વરૂપની અંતરદશા પ્રગટે તે અંતરાત્મદશા વડે બહિરાત્મપણાને છોડ અને પરમાત્માનું ધ્યાન કરી વ્યક્તરૂપ પૂર્ણ પરમાત્મા થા! આ સિદ્ધપદ છે.

શ્રીમદ્જીએ એકવાર પોકાર કર્યો હતો 'સર્વજ્ઞપદનું ધ્યાન કરો...ધ્યાન કરો' જુઓ! શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં હતાં, લાખોના વેપાર કરતાં હતા પણ કહે છે અમે જ્યાં છીએ ત્યાં રાગ અને વેપાર નથી અને રાગ ને વેપાર છે ત્યાં અમે નથી. સર્વજ્ઞપદનું ધ્યાન કરો એટલે નિજપદનું ધ્યાન કરો. આ સત્ છે તે સહજ છે, શરણ છે, સર્વત્ર છે માટે બધે ઠેકાણે પ્રાપ્ત થાય તેમ છે.

સ્વભાવ તરફની દૃષ્ટિથી શાંતિ મળશે, આનંદ મળશે અને આનંદની પૂર્ણતા પણ એ સાધન દ્વારા જ થશે. બીજા કોઈ સાધન દ્વારા આનંદ મળશે નહિ. પરરૂપે તું થયો નથી. માટે તારે ચિંતા શી છે? અને પર તારારૂપે થયા નથી માટે તારે કાંઈ છોડવાનું પણ રહેતું નથી. શ્રીમદ્જીએ એક પત્રમાં લખ્યું છે કે "દિગંબર આચાર્યોએ માન્યું છે કે, જીવનો મોક્ષ થતો નથી પણ મોક્ષ સમજાય છે." મોક્ષ એટલે અંદર શુદ્ધ તત્ત્વ છે તે જ્ઞાનમાં આવે છે, તે દૃષ્ટિ-મોક્ષ છે; તે જ દ્રવ્યની દૃષ્ટિ અને ધ્યાન કરીને આરાધન કરવું તેનું જ નામ માંગલિક છે.

[ ક્રમશઃ ]

બહિરાત્મપણું તજી, અંતરાત્મા થઈ, પરમાત્મપણાના આરાધક, આત્મજ્ઞ સંત શ્રી સદ્ગુરુદેવનો જય હો.

—*—

## 卐 એક આત્માનું જ પ્રયોજન રાખવું 卐

પોતે આત્મા જેવો છે એવી દૃષ્ટિ કરીને એમાં રહેવું તે પ્રયોજનભૂત છે, બાકી બધું થોથાં છે. પ્રયોજન તો એક આત્માનું જ રાખવું, પરન્તુ—પુણ્ય-પાપના ભાવનું પણ—નહિ. અહા! આવી વાત છે! ભગવાન આત્મા અંદર અનંત જ્ઞાન ને આનંદ આદિ શક્તિઓથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે; સમીપમાં પ્રભુ હોવા છતાં, વર્તમાન પર્યાય ઉપર લક્ષ હોવાથી, એની તરફ નજર કરતો નથી. ચૈતન્યભગવાન આ જ ને આટલો છે, એના સ્વભાવમાં રાગ-દ્વેષ આદિ વિભાવનો પ્રવેશ નથી—એમ આત્માની 'અસ્તિ' સંભાળીને રાખવી—એ એક જ પ્રયોજન રાખવું. અશુભથી બચવા શુભરાગ આવે પણ એનું કાંઈ પ્રયોજન નથી. —પૂજ્ય ગુરુદેવ

# 卐 ત્રૈલોકચદ્દુઃખહર પ્રભુભક્તિ 卐

[ શ્રી ભક્તામર-સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ભક્તામર-સ્તોત્ર આદિનાથની સ્તુતિ છે, ભક્તામરના નામથી પ્રસિદ્ધ છે. સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર કરનાર જ્યાં હોય ત્યાં ભગવાન સિવાય બીજાને ભાળતાં નથી. ભગવાનના શરીરને કોઈ ઉપમા નથી. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાંથી પૂર્ણ દશા પ્રગટ થઈ છે તેને કોઈ ઉપમા લાગું પડતી નથી. હે નાથ! આપ બાહ્યમાં પુણ્યથી અધિક લાગો છો અને અંતરમાં પવિત્રતાથી અધિક લાગો છો. જગતભરમાં ઊંચામાં ઊંચા જેટલા પરમાણુ છે તે બધા આપના શરીરમાં આવ્યા છે. અંદર શાન્તિ વધી છે તેની છાયા પાડતાં હોય એમ દિવ્ય દેહ આપની મહિમા જાહેર કરે છે. તળાવની પાસે હવા ઠંડી લાગે તેમ આપનું શરીર પણ જોનારને તથા ચિંતવનારને શાતાકારી લાગે છે. હવે કહે છે કેઃ—

ધૂમ્રે રહિત, નહિ વાટ, ન તેલવાળો,
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો;
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે,
તું નાથ છો અપર દીપ જગત્ પ્રકાશે. ૧૬.

હે નાથ! આપ અવિચલ શાશ્વત ચૈતન્યજ્યોતિ છો.

હે પ્રભુ! આપ તો સમસ્ત લોકમાં કાંઈ જુદી જાતના દીપક છો. લોકના દીવાને તો વાટ, તેલ વગેરેની જરૂર પડે છે. વળી દીવામાંથી કાજળ નીકળે છે. માટે આપને દીવાની ઉપમા આપી શકાય નહીં. જેમ જ્યાં સુધી દીવો સળગે ત્યાં સુધી દીવામાંથી મશ નીકળે છે. વળી દીવો બૂઝાઈ જાય એટલે પ્રકાશ કરવારૂપ કાર્ય અને ધૂમાડો બંધ થઈ જાય તેમ આત્મા સ્વ-પરને જાણવાનું કાર્ય કરે ત્યાં સુધી રાગાદિ થાય છે, માટે જ્ઞાન રહિત શૂન્ય થઈ જાય તેને મોક્ષ કહે છે—પણ તે વાત સાચી નથી. આપના આત્મામાં રાગ–દ્વેષ નથી, કોઈ ઇચ્છા થાય એવું આત્મામાં નથી. આપ નિર્દોષ પ્રવૃત્તિવાળા છો. લોકમાં દીવાને તેલ–વાટ વગેરેની જરૂર પડે છે, પણ આપના કેવળજ્ઞાનને રાગની જરૂર નથી. આપને ઇચ્છામાત્રનો નાશ થયો છે. ઝળહળ જ્યોતિ સ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. જેને કેવળજ્ઞાનની મહત્તા ભાસી છે તેને વ્યવહારના દીપકની અદ્ભુતતા લાગતી નથી. આપના કેવળજ્ઞાનની પરમ અદ્ભુતતા છે માટે આપ અનોખી જાત ને જાત પાડનારા દીવો છો. આપના જ્ઞાન પાસે બીજા દીપકની શોભા નથી. લોકમાં દીવડાને

વાટ તથા તેલ વગેરે જોઈએ, ધૂમાડો નીકળે, જ્યારે આપનો કેવળજ્ઞાન દીવો રાગ-દ્વેષ વિનાનો હોવાથી ત્રણ કાળ, ત્રણ લોકને એક સાથે પ્રકાશી રહ્યો છે.

જેમ આપનું જ્ઞાન પાછું પડે નહીં, તેમ અપ્રતિહત ભાવે કેવળજ્ઞાન લેવા તૈયાર થયો તે પાછો પડે નહીં.

આપે સ્વરૂપ સાધન વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. દીવો અમુક ચીજોને પ્રકાશે છે; આપ ત્રણ કાળ ને ત્રણ લોકને પ્રકાશો છો. આપનું સ્વરૂપ રાગ-દ્વેષ, પુણ્ય-પાપથી ગમ્ય નથી, શાસ્ત્રના જાણપણાથી જણાય એવું નથી. આપની કેવળજ્ઞાનજ્યોતિ વ્યવહારરત્નત્રયથી ગમ્ય નથી તેમ મારો આત્મા પણ રાગથી, વ્યવહારથી, નિમિત્તથી ગમ્ય નથી. તમારા જ્ઞાનને કોણ હણી શકે? લોકના દીવાને પવન ડુલાવે અને ઓલવી નાખે પણ આપનો જ્ઞાનાનંદ ચૈતન્યદીવો કોઈ ઓલવી શકે નહીં, કેવળજ્ઞાન થયા પછી ફરી અવતાર ધારણ કરે એમ બને નહીં. એવો શાશ્વતજ્ઞાન દીવો સાદિ અનંત કાળ રહે છે. પરમાત્મસ્વભાવની વ્યકતતા કેવી હોય તે બતાવે છે. ભગવાન ફરી અવતાર ધારણ કરે નહીં કેમ કે—પ્રથમ વીતરાગદૃષ્ટિ થતાં સર્વથા રાગનો આદર છોડ્યો, પછી વીતરાગી ચારિત્ર થતાં રાગનો અભાવ થયો, ફરી અલ્પ પણ રાગ ઉત્પન્ન ન થાય એવા પુરુષાર્થી થયા. દોષ અને દોષના કારણનો સર્વથા અભાવ થયો. જેમ બીજને બાળી નાખ્યું તે ઊગે નહીં, તેમ કેવળજ્ઞાની અને સિદ્ધપરમાત્મા ફરી સંસારમાં અવતાર ધારણ કરે નહીં. આપની અવિકારી પરિણતિમાં રાગ-દ્વેષ નથી તથા કોઈની સહાય નથી. બીજા દીવા તેલ આદિના સહાયથી પ્રકાશે છે પણ આપનું કેવળજ્ઞાન અસહાય છે, કોઈની સહાય નથી. આ કેવળજ્ઞાનનો મહિમા છે. લોકોના દીવા તો અમુક બાધા થતા નાશ પામે છે. આપનો કેવળજ્ઞાન દીપક અવિનાશી છે. બીજા દીવાઓ અમુક પ્રકાશે, આપ સમસ્તને પ્રકાશો છો.

હવે સૂર્યની ઉપમા લાગુ પડતી નથી એમ કહે છે. સૂર્યનું તેજ આતાપકારી છે. સૂર્ય સવારના ઊગે ને સાંજે આથમી જાય પણ આપનું કેવળજ્ઞાન ઊગ્યું તે ફરી આથમતું નથી. ચૈતન્યસૂર્ય અનંત કિરણો વડે કેવળજ્ઞાનરૂપે ફાટયો તેને કોઈની ઉપમા નથી.

ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય,
સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય;
તું હે મુનીન્દ્ર! નહીં મેઘ વડે છવાય,
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય. ૧૭.

હે મુનિઓના ઇન્દ્ર! તમે કદી અસ્ત પામવાના નથી. રાહુથી સૂર્ય ઢંકાય તેમ આપને નથી, ત્રણ લોકને એક સાથે સહજ પ્રકાશિત કરો છો—આમ સૂર્યથી અધિક મહિમાવંત છો.

શ્રી માનતુંગાચાર્યે અનુપમ ભક્તિ ઊછાળી છે. હે ભગવાન! આપને બીજાની

ઉપમા તો લાગુ પડતી નથી પણ સૂર્યની ઉપમા તુચ્છ છે. સૂર્ય આથમી જાય છે, કેવળજ્ઞાન અવિનાશી છે. સૂર્યને ગ્રહણ પકડે છે, આપને ગ્રહણ પકડતું નથી. વળી પાણી ધરનાર ઘાટા વાદળામાં સૂર્ય દેખાય નહીં, ઢંકાઈ જાય છે—એમ સૂર્યમાં ત્રણ દોષ છે. આપનું તેજ એવું છે કે આપના તેજને પ્રગટ્યા પછી કદિ આથમે નહીં ને કર્મરૂપ રાહુ પકડે નહીં. કર્મરૂપી વાદળાના પેટમાં રહેવું પડે તેમ બનતું નથી. માટે સૂર્યની ઉપમા લાગુ પડતી નથી. સૂર્ય તો જંબૂદ્વીપના અર્ધા ભાગને પ્રકાશ આપે છે. આપનું કેવળજ્ઞાન શીઘ્ર એક સાથે ત્રણ લોકને પ્રકાશે છે. સૂર્યમંડળ તો ક્રમે ક્રમે ફરે, થોડા ક્ષેત્રમાં ફરે, આપનું ચૈતન્યસૂર્ય સર્વત્ર સર્વદા સંપૂર્ણરૂપે બધાને પ્રકાશે છે. શાશ્વત સૂર્યની મહિમા પાસે આ સૂર્યની મહિમાની કાંઈ ગણતરી નથી. —૦— [ ક્રમશઃ ]

* નાઈરોબીના પર્યુષણ-સમાચાર :—પરમ-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન અને તેઓની સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી પ્રત્યે સમર્પિત-ભાવનાથી શ્રદ્ધાભક્તિવંત શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી તેમના અધ્યક્ષ શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ તા. ૨૩–૯–૯૧ના તેમના પત્રમાં પર્યુષણના સમાચાર લખે છે કે—

અહીં (નાઈરોબીમાં) પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનીત કરકમલ દ્વારા પ્રતિષ્ઠિત 'ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર'માં પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ દ્વારા સમુપદિષ્ટ અધ્યાત્મ-પ્રધાન ધાર્મિક ગતિવિધિનો નિયમિત લાભ લેનારા અમારા મુમુક્ષુસમાજની વિનંતીનો સ્વીકાર કરીને, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના જાણે કે સ્વર્ગમાંથી વરસતાં મંગલ આશીર્વાદથી, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે ટ્રસ્ટના ઉપપ્રમુખ અધ્યાત્મપ્રેમી વિદ્વાન ડો. શ્રી પ્રવિણભાઈ દોશી ( F. R. C. S. લંડન )ને દશલક્ષણ-પર્યુષણપર્વ પ્રસંગે પ્રવચન તથા ધાર્મિકવર્ગ માટે મોકલ્યા, જેને અમો સૌ અમારું સૌભાગ્ય માનીએ છીએ અને તેઓને મોકલવા બદલ અમે સૌ ટ્રસ્ટનો અત્યંત આભાર માનીએ છીએ.

ડો. શ્રી પ્રવિણભાઈની ધર્મોત્સાહપ્રેરક ઉપસ્થિતિમાં પ્રતિદિન પ્રાતઃ જિનેન્દ્ર-અભિષેક દર્શન-પૂજન, શ્રી સમયસાર ગાથા ૧ થી ૧૨ ઉપર શાસ્ત્ર-પ્રવચન, સમૂહ-જિનેન્દ્રપૂજા, બપોરે 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્રપ્રવચન, સાંજે પ્રતિક્રમણ, જિનેન્દ્ર આરતી, મોક્ષમાર્ગ પ્રકાશક પર શાસ્ત્રપ્રવચન, ઉછામણી, જિનેન્દ્રભક્તિ તથા ધાર્મિકશિક્ષણવર્ગ—એ રીતે સવારે ૫ા થી રાત્રે ૧૦ા સુધી ઉત્સાહપૂર્વક કાર્યક્રમ ચાલતો હતો. તા. ૨૦–૯–૯૧ના સાંજે બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. રોજ ૩૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિ રહેતી હતી. 'દશલક્ષણ' પર તાત્વિક તથા વૈરાગ્યપોષક સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે મુમુક્ષુઓ ઉપરાંત આમંત્રિતો સહિત ૫૦૦ પ્રેક્ષકોની ઉપસ્થિતિ હતી. તા. ૨૨–૯–૯૧ ના રોજ સવારે 'સ્વાધ્યાયમંદિર' ઉપર ધ્વજારોહણની મંગલવિધિ ત્રણ કલાકના ભક્તિ-કાર્યક્રમપૂર્વક સમ્પન્ન થઈ હતી. [ વધુ માટે જુઓ પાનું–૨૮ ]

તા. ૧૮-૧૦-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા તારણહાર સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-બંધ અધિકાર પર (૧૩મી વખતનું) ટેપ-પ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી પંચાસ્તિકાય સંગ્રહ પર શાસ્ત્ર-વાંચન, જિનેન્દ્રભક્તિ, પૂજ્ય બહેનશ્રીની સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

* પર્વાધિરાજ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ જ્ઞાનવૈરાગ્યભીના ઉપાસના, મુનિન્દ્ર-ગરિમા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિએ પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વ-આરાધના માટે બાહરગામથી ઘણાં મુમુક્ષુ મહેમાન આવ્યા હતાં. પૂજાના સમયે વિશાળ જિનમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાય મન્દિર મુમુક્ષુઓથી ખિચોખિચ ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે સાધનાતીર્થની પવિત્ર-યાત્રા તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બેનશ્રી પ્રત્યે ક્ષમાવણી સ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે ૨૦૦ મુમુક્ષુઓ બાહરગામથી આવ્યા હતાં. રાજકોટથી આવેલાં (ડો. પ્રવિણભાઈ દોશીના સમાગમથી પ્રભાવિત) ૭૦ થી વધારે પટેલ (ખેડૂત) સમુદાયનો ગુરુદેવ, બેનશ્રી તથા જૈનતત્ત્વ પ્રત્યે ભક્તિભાવ બધાને ગુરુદેવના પ્રભાવના-ઉદયનો અનુભવ કરાવતો હતો. ક્ષમાવણીના દિવસે સવારના શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ (લન્ડન) તરફથી સ્થાનિક મુમુક્ષુમંડલ તથા મહેમાનો માટે સ્વામીવાત્સલ્ય-ભોજન રાખવામાં આવ્યું હતું.

* દશલક્ષણપર્યુષણમાં મંડલવિધાનપૂજા (કાયમી)—(૧) શ્રી દેવકુંવરબેન દેવશીભાઈ રાયશીભાઈ શાહના સ્મણાર્થે તેમના પરિવાર તરફથી (લંડન);

તથા પ્રાસંગિક—(૧) શ્રી મનસુખલાલ છગનલાલ ઉદાણી પાર્લા-હ. નિર્મળાબેન; (૨) શ્રી અજય માણેકલાલ જૈન; (૩) શ્રી કળાબેન હસમુખભાઈ વોરા (મુંબઈ), (૪) શ્રી ચન્દ્રાબેન મનુભાઈ કામદાર, પાલીતાણા તરફથી રાખવામાં આવી હતી.

## * મહાવીર નિર્વાણ–પંચાહ્નિકા-મહોત્સવ *

પ્રતિવર્ષ અનુસાર ‘ શ્રી મહાવીર–નિર્વાણકલ્યાણક ’ દીવાળીના મંગળ અવસરે આસો વદ ૧૧, શનિવાર, તા. ૨–૧૧–૯૧ થી આસો વદ–૩૦, બુધવાર, તા. ૬–૧૧–૯૧— પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૦ પરમાગમમંદિરમાં ‘ શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક-મંડળવિધાનપૂજા ’, મહાવીર જિનેન્દ્ર ભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવાશે.

* નૂતન વર્ષારમ્ભનો ‘ સુપ્રભાતદિન ’ પૂજાભક્તિ, સુપ્રભાતસ્તોત્ર તથા પૂજ્ય ગુરુદેવના સુપ્રભાત–પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવાશે.

* શ્રી મહાવીર નિર્વાણ પંચાહ્નિકા–ઉત્સવ નિમિત્તે કાયમી ‘ પંચકલ્યાણકમંડલ વિધાન ’ તથા ‘ સુપ્રભાતદિન ’ નિમિત્તે કાયમી પૂજાસમારોહ :—

(૧) પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેન, (૨) બ્ર. ચંદુભાઈ ઝોબાલીયા (એમના પિતાશ્રી સ્વ. શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાલીયાની પુણ્ય-સ્મૃતિ અર્થે ) તથા (૩) સ્વ. શ્રી નવલચંદ જગજીવનદાસ શાહ (હા. મુક્તાબેન) તરફથી રાખવામાં આવશે.

* આગ્રાનગરમાં તા. ૧૩–૧૦–૯૧ થી તા. ૨૦–૧૦–૯૧ સુધી આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મકલ્યાણની ભાવનાવાળા શિબિરમાં આવેલાં સર્વ સાધર્મીજનોને આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી હતી.

## * દશલક્ષણ–પર્યુષણપર્વમાં ધર્મપ્રભાવના *

સ્વાનુભવ પ્રધાન અધ્યાત્મયુગપ્રવર્તક પરમ–ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી-સ્વામી તથા તેઓશ્રીની સદ્ઉપકાર મહિમા પ્રકાશિત કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેન પ્રત્યે શ્રદ્ધાભક્તિયુત સમર્પિત–ભાવના રાખવાવાળા અધ્યાત્મતત્ત્વરુચિવંત કેટલાક મુમુક્ષુમંડળો તરફથી દશલક્ષણ–પર્યુષણપર્વના દિવસોમાં જ્ઞાનવૈરાગ્યભક્તિરસભીના પ્રવચનોનાં અર્થે, પ્રવચનકાર વિદ્વાન મોકલવા માટે પ્રાર્થનાપત્ર આવવાથી શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી નીચે દર્શાવેલ ગામોમાં પ્રવચનકાર વિદ્વાન ધર્મ-પ્રભાવના માટે મોકલ્યા હતા.

| વિદ્વાન | ગામ |
| --- | --- |
| બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલીયા, સોનગઢ | સોનગઢ |
| ડૉ. ,, પ્રવીણભાઈ ડી. દોશી, રાજકોટ | નાઈરોબી ( કેન્યા ) |
| શ્રી ચીમનલાલ ઠાકરસી મોદી, મલાડ ( મુંબઈ) | મલાડ ( મુંબઈ) |

| વિદ્વાન | ગામ |
|---|---|
| શ્રી રાજુભાઈ વિનોદરાય કામદાર, રાજકોટ | મલાડ (મુંબઈ) |
| ,, સુમનભાઈ લાલચન્દ શેઠ, મલાડ (મુંબઈ) | ,, ,, |
| ,, હિંમતલાલ વાલજી ડગલી, વીંછીયા | દાદર ,, |
| ,, દિલિપભાઈ ભોગીલાલ ડગલી, બોટાદ | ઘાટકોપર ,, |
| ,, હેમન્તકુમાર અનન્તરાય ગાંધી, સોનગઢ | પાર્લા ,, |
| ,, ભરતકુમાર શાન્તિલાલ શાહ, ઘાટકોપર | પાર્લા ,, |
| ,, પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદાર, સોનગઢ | બોરીવલી ,, |
| ,, સુભાષચન્દ્ર જયન્તીલાલ શેઠ, વાંકાનેર | વસઈરોડ (જિ. થાણા) |
| બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહ, વઢવાણ | બેંગલોર |
| શ્રી રમેશભાઈ વસાણી, વઢવાણ | ,, |
| ,, દેવજીભાઈ વાલાભાઈ પટેલ, કાનાતળાવ | અમદાવાદ |
| ,, છબીલદાસ ચમનલાલ દોશી, સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર |
| ,, કનુભાઈ હીરાચન્દ દામાણી, અમદાવાદ | બોટાદ |
| ,, જયેશભાઈ નાગરદાસ કોઠારી, બોટાદ | બોટાદ |
| ,, સુરેશભાઈ ચીમનલાલ સંઘવી, માટુંગા | રાજકોટ |
| ,, પ્રહ્લાદરાય જૈન, મન્દસૌર | બેગમગંજ |
| બ્ર. શ્રી રમેશચન્દ્રજી જટાલે, મલકાપુર | જલગાંવ |
| શ્રી મધુકરભાઈ, જલગાંવ | પાટીપુર (ગ્વાલિયર) |
| ,, રજનીકાન્તભાઈ મગનલાલ મહેતા, ઘાટકોપર | વાંકાનેર |
| ,, મનુભાઈ પાનાચન્દ કામદાર, વડોદરા | વડોદરા |
| ,, ઈન્દ્રવદનભાઈ બી. શાહ, ધાનેરા | સુરત |
| ,, ધરમચન્દભાઈ જગજીવન જોબાલીયા, સોનગઢ | ઉમરાળા |

પૂજ્ય ગુરુદેવશ્રીના સત્યપ્રભાવનોદયથી મુમુક્ષુસમાજમાં અધ્યાત્મતત્ત્વની રુચિ ઘણી વધતી જાય છે. ઘણા વિશાળ ઉપનગરયુક્ત એકલી મુંબઈ મહાનગરીમાં આ પર્યુષણપર્વમાં છ સ્થાનમાં શ્રી વીર-કુન્દકુન્દ-કહાન શુદ્ધામ્નાયાનુસાર અધ્યાત્મ પ્રવચન ચાલતા હતા. દરેક સ્થાનમાં જિજ્ઞાસુ શ્રોતાઓની ઉપસ્થિતિ સારી સંખ્યામાં થતી હતી અને જિનેન્દ્રાભિષેક-પૂજા, શાસ્ત્ર પ્રવચન, ભક્તિ, આરતી તથા પ્રતિક્રમણાદિ દૈનિક વિવિધ કાર્યક્રમ પણ ખૂબ જ હર્ષોલ્લાસપૂર્વક થતાં હતાં. ઘણા મંડળોમાં સદ્ધર્મપ્રભાવના વૃદ્ધિકર શ્રી જિનેન્દ્ર રથયાત્રા તથા સામૂહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

—✻—

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબી ( કેન્યા ) મુમુક્ષુમંડળના

### મોભાદાર મોભીની ચિરવિદાય !

નાઈરોબી મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ તા. ૭–૧૦–૯૧ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી કરમણભાઈના પરિવારને તેમજ શ્રી નાઈરોબી દિ૰ જૈન મુમુક્ષુમંડળને, ન પૂરી શકાય એવી આવી પડેલી આ જમ્બર ખોટના ખેદજનક સમાચારથી સૌને વૈરાગ્ય તેમજ વિષાદભીની સંવેદના થઈ આવે તે સ્વાભાવિક છે. સદ્‌ગત પ્રમુખ સ્વ૰ શ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહની જેમ શ્રી કરમણભાઈ પણ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય ભગવતી માતા, અધ્યાત્મતીર્થધામ શ્રી સોનગઢ અને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય ભગવતી માતાએ બતાવેલ સાચા મોક્ષમાર્ગ પ્રત્યે પૂરેપૂરા તન–મન–ધનથી સમર્પિત હતા. જીવનની છેલ્લી પળ સુધી તેમણે મંડળનું સુકાન ઘણી જ કુનેહ, હિંમત અને સમુચિત જવાબદારીપૂર્વક સંભાળ્યું, અને નાઈરોબી–મુમુક્ષુમંડળને સ્વ૰ શ્રી જેઠાલાલભાઈની જેમ, સોનગઢતીર્થ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને સમર્પિતતાની પ્રેરણા આપતા જ રહ્યા. તેઓને તત્ત્વજ્ઞાનનો પ્રેમ, સ્વાધ્યાયનો રસ તથા દેવ–ગુરુ પ્રત્યે અપાર ભક્તિ હતી; મંડળના દર્શન, પૂજા, વાંચન, ભક્તિ વગેરે બધા કાર્યક્રમમાં ઉલ્લાસથી ભાગ લેતા હતા.

* માલાવાડાનિવાસી શ્રી શાંતિલાલ કેશવલાલ શાહ (વર્ષ–૬૮) તા. ૨૬–૮–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી છગનલાલ જવાનમલ કુણાવત તા. ૯–૯–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી (બ્ર. જ્યોત્સનાબેનના વડીલ બંધુ) શ્રી દોલતરાય પારસરાય શાહ (વર્ષ–૬૪) તા. ૧૮–૯–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાગરનિવાસી શેઠશ્રી શોભાલાલજીના સુપુત્ર શ્રી હુકમચંદજી તા. ૨૭–૯–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે

સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૨૪-૧૧-૯૧ થી તા. ૨૮-૧૧-૯૧ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકાર-મૂર્તિ વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો ૧૧મો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૮, કારતક વદ ૭, ગુરુવાર, તા. ૨૮-૧૧-૯૧ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૪-૧૧-૯૧, રવિવારથી તા. ૨૮-૧૧-૯૧, ગુરુવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા તથા શાસ્ત્રપ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમજ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

[ નાઈરોબી.... પાનું-૨૩થી ચાલુ ]

ડૉ. પ્રવિણભાઈ દોશીની પ્રવચન તેમ જ શિક્ષણની શૈલી સરળ, સાદી ને રોચક હોવાથી આબાલવૃદ્ધને—વિશેષરૂપે યુવાનવર્ગને—બધાને નવું નવું સમજવા મળતાં ખૂબ આનંદ થયો હતો. પર્યુષણપર્વમાં એવું ઉત્સાહભર્યું વાતાવરણ થતું હતું કે જાણે નાઈરોબી અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ બની ગયું હોય !!

અંતમાં, સોનગઢ ટ્રસ્ટને અમે નમ્ર વિનંતી કરીએ છીએ કે પ્રતિવર્ષ પર્યુષણપર્વના પ્રસંગે અમને આવો ધર્મોત્સાહપ્રેરક અમૂલ્ય લાભ આપતાં રહેશો. —×—




* હે આત્મહિતૈષી પ્રાણી! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. (કારણ કે આ પુણ્ય અને પાપ) પુદ્ગલના પર્યાય છે, ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે, અને ફરીને ઉત્પન્ન થાય છે પોતાના અંતરમાં નિશ્ચયથી—ખરેખર લાખો વાતોનો સાર આ જ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મ-મરણના દ્વંદ્વરૂપ (રાગ-દ્વેષરૂપ) વિકારી મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો. ૨૮૦.

(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૪, શ્લોક-૮)

* પ્રજ્ઞા વડે (આત્માને) એમ ગ્રહણ કરવો કે—જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું. ૨૮૧.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૯૭)

* ભવ્ય જીવોને શ્રીગુરુ ઉપદેશ કરે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાંખો, પોતાનો સમ્યક્ત્વગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાવ. પુદ્ગલદ્રવ્ય અને રાગાદિક ભાવો સાથે તમારે કોઈ સંબંધ નથી. એ સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની પેઠે તેમનાથી જુદાં છો. ૨૮૨.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૧૨)

* મારો પરમાત્મા શાશ્વત છે, કથંચિત્ એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે? ૨૮૩.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૮)

# 卐 હું તો જ્ઞાતા છું 卐

અહા! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ; તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે—એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે.

—પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–